# ફુલ પર ઝાકળના પત્રો

– યામીની વ્યાસ

.1.

આટલા મોહક અને મોતી ભરેલા ક્યાં મળે ?
ફુલ પર ઝાકળથી આ પત્રો લખેલા ક્યાં મળે ?

ઉંબરા પર પગ નથી મુક્યો ને બસ 'આવો' કહે,
આ નગરમાં માણસો એવા વસેલા ક્યાં મળે ?

ધારણા સાચી પડી, આજે તમારું આગમન !
બારણામાં તોરણો લીલાં બનેલાં ક્યાં મળે ?

આ અતીથીનાં ભલાં સન્માન આદર તો જુઓ,
ભરવસંતે અવનવાં પર્ણો ઝુકેલાં ક્યાં મળે ?

આંખ જો ખુલી તો એની શોધ આરંભી દીધી,
જોઉં ઓશીકા ઉપર શમણાં પડેલાં ક્યાં મળે ?

.2.

ગાઢ અંધારમાં કોણ ઉભું હશે ?
એ નીરાકારમાં કોણ ઉભું હશે ?

તું જ દર્પણ અને તું જ ચહેરો અહીં,
આર ને પારમાં કોણ ઉભું હશે ?

બાળપણનાં એ સ્વપ્નો ભુલાતાં નથી,
સાવ સુનકારમાં કોણ ઉભું હશે ?

બુમ પાડયા કરે છે નીરંતર મને,
મનના ભણકારમાં કોણ ઉભું હશે ?

નાવ જાણે કે મળવા અધીરી થઈ,
દુર મઝધારમાં કોણ ઉભું હશે ?

આજ તો એમ લાગ્યું કે 'આવો' કહ્યું,
બંધ એ દ્વારમાં કોણ ઉભું હશે ?

## .3.

તમારી એ આંખોની હરકત નથીને ?
ફરી આ નવી કોઈ આફત નથીને ?

વહેરે છે અમને તો આખા ને આખા,
એ પાંપણની વચમાં જ કરવત નથીને ?

વહે છે નદી આપણી બેઉ વચ્ચે,
એ પાણીની નીચે જ પર્વત નથીને ?

નજરને મળો છો સ્મીત કરતાં,
આ મારાં એ સપનાની બરકત નથીને ?

'તમારા–તમારા–તમારા અમે તો....'
કહ્યું તો ખરું, તોય ધરપત નથીને ?

## .4.

આંગળી પકડીને તારી ચાલવા દે,
મા ! મને તું આ જગતમાં આવવા દે !

વંશનું તુજ બીજ તો ફણગાવવા દે,
ગોરમાની છાબ લીલી વાવવા દે !

તું પરીક્ષણ ભ્રુણનું શાને કરે છે ?
તારી આકૃતી ફરી સર્જાવવા દે.

ઢીંગલી, ઝાંઝર ને ચણીયાચોળી, મ્હેંદી–
બાળપણના રંગ કૈં છલકાવવા દે.

રાખડીની દોર કે ગરબાની તાળી,
ઝંખનાના દીપ તું પ્રગટાવવા દે.

વ્હાલની વેલી થઈ ઝુલીશ દ્વારે,
આંગણે સંવેદના મ્હેંકાવવા દે.

સાપનો ભારો નથી; તુજ અંશ છું હું !
લાગણીનાં બંધનો બંધાવવા દે !

## .5.

લખે ગ્રંથના ગ્રંથ તું લાગણીમાં,
નહીં કાંઈ સમજું હું બારાખડીમાં.

તમારા જ શ્વાસોની મીઠી મહેકનું–
રુપાંતર થયું ફુલની પાંખડીમાં.

નજર સ્થીર છે આગમનની દીશામાં,
પ્રતીક્ષાએ માળો કર્યો આંખડીમાં.

મેં માધવને વેચ્યા મહી વેચવામાં,
હતી આ કરામત બધી વાંસળીમાં.

અગર બાળપણ શોધશું જો ફરીથી,
મળે કોઈ મમતાભરી આંગળીમાં.

## .6.

તમારી ખુશીમાં ખુશી શોધવામાં,
અમે તો રહ્યા જીન્દગી શોધવામાં.

જરા કોઈ જોશે તમારાં નયનમાં,
કદી ના જશે આરસી શોધવામાં.

કરી છે બધી વાત જાહેર કીન્તુ–
મજા લોકને, ખાનગી શોધવામાં.

પલકમાં એ આવીને ચાલ્યા ગયા, બસ !
તમે તો રહ્યા બાતમી શોધવામાં.

સમંદરનાં મોજાં ન એને મળે જે,
કીનારે રહે નાવડી શોધવામાં.

## .7.

કાગ કા...કા...કહેણ કે' કાગળ વગર,
આગમન કોનું થશે અટકળ વગર !

કોણ સાંભળશે કીનારાની વ્યથા ?
નાવ આ ડુસકે ચઢી છે જળ વગર.

સામસામે થાય સીંજારવ મધુર,
એ જ મનમેળાપ છે મીંઢળ વગર.

ટેરવામાં તરફડાટો હોય છે,
જેમ કુલો તરફડે ઝાકળ વગર.

ખુબ ભીંજાવું પડે છે દોસ્તો !
લાગણીનાં એક પણ વાદળ વગર.

આગ ધુમાડો વીના દુણાય શું ?
મન સળગતું હોય દાવાનળ વગર.

## .8.

સાંજનું આકાશ ઝુકી જાય છે,
યાદ પંખી જેમ ટહુકી જાય છે.

લાક્ષણીકતા શી હશે ફોરમ તણી ?
બાગની સીમા વધારી જાય છે.

પથ્થરોને એટલું શીખવાડીએ,
લાગણી પીડા બતાવી જાય છે.

જાણવા માંગુ છું તે ના કહી શકે,
મૌન તારું હદ વટાવી જાય છે.

આંખ ખુલ્લી હોય તો આવે નહીં,
જો ઉઘાડું સ્વપ્ન છટકી જાય છે.

બારણાં અટકળનાં ભીડ્યાં છે છતાં–
કોણ સાંકળ ખટખટાવી જાય છે ?

## .9.

તારી–મારી વાત રોજરોજ ચર્ચાયા કરે,
સાવ ખાલી થાય તો પણ કોઈ ખર્ચાયા કરે.

યાદ આવે કોઈની તો દર્દ મલકાયા કરે,
આંખડીને શું થયું કે એ ય છલકાયા કરે ?

રોજ બદલાતાં રહ્યાં દૃશ્યો છતાં તું ત્યાં જ છે,
કોણ જાણે કેમ આ રસ્તા જ ફંટાયા કરે !

જળ વીચારે છે સતત એકાંત શું મળશે કદી ?
કોઈ કાંઠા પર નથી તો આભ ડોકાયા કરે !

આખરે શ્રદ્ધા જ જન્મે છે સમયસર તે છતાં–
કેટલી શંકાઓ એ ઈંડામાં સેવાયા કરે ?

આપણે ઘટના નથી હોતા કદી પણ આમ તો–
આપણી અફવા થઈ અખબાર વંચાયા કરે.

## .10.

પળેપળનો બદલાવ જોયા કરું છું, ધરા શું ? ગગન શું ? સીતારા વળી શું ?
સમાયું છે જીવન અહીં ઠોકરોમાં, ત્યાં કીસ્મત અને હસ્તરેખા વળી શું ?

ખુદાના તરફથી મળે તો સ્વીકારું, કદી એકલી છું, કદી કાફલો છે;
મળી મેહ્‌ફીલો તો મેં માણી લીધી છે, સવાલો, જવાબો, સમસ્યા વળી શું ?

નથી કોઈ મંઝીલ, નથી કોઈ રસ્તો, ચરણને મળ્યું છે સતત ચાલવાનું;
કદી થાક લાગે તો થોભી જવાનું, ઉતારા વીશેના ઉધામા વળી શું ?

મને શબ્દ સાથે જ નીસ્બત રહી છે, સ્વયં અર્થ એમાંથી નીપજ્યા કરે છે;
અને મૌનને પણ હું સુણ્યા કરું છું, અવાજો વળી શું ને પડઘા વળી શું ?

જગતનાં વીવેકો ને વ્યવહાર છોડી, ઉઘાડાં જ મેં દ્વાર રાખી મુક્યાં છે,
ભલે કોઈ અણજાણ આવે અતીથી, પ્રતીક્ષા વળી શું ? ટકોરા વળી શું ?

– યામીની વ્યાસ –

સંપર્કઃ 3– પુરુષોત્તમ એપાર્ટમેન્ટ, ચીન્મય હૉસ્પીટલની બાજુમાં, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ સામે, ઘોડદોડ રોડ, સુરત–395 001 ફોનઃ 0261-266 0936

સર્જનઃ ગઝલસંગ્રહ ‘ફૂલ પર ઝાકળના પત્રો’, પ્રથમ આવૃત્તી–2009, પ્રકાશકઃ પોતે, સરનામું ઉપર મુજબ મુલ્યઃ રુપીયા – 50

(‘સન્ડે ઈ–મહેફીલ’ના આ ગઝલ–અંકના અતીથી સંપાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com)નો ખુબ ખુબ આભાર..... ઉત્તમ ગજ્જર..)

●●●